આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ વૃશ્ચિક

આજના ગ્રહોની કુંડળી



ચાંડાલ યોગ અને કાલસર્પ ચાલુ છે. શનિ ચંદ્રની યુતિનો વિષયોગ છે. ચંદ્ર માંગલ્ય યોગ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ આઠમે ચંદ્ર - શનિ - મંગળની યુતિ થતી હોઈ તબિયત બગડે નહીં તેની કાળજી રાખવી. પેટના દર્દોથી સંભાળવું - વાયુના રોગથી સાચવવું.

વૃષભ કૌટુંબિક વાતાવરણ બગડશે - પત્ની સાથે મતભેદ થશે - પત્નીના ગુસ્સાને ઠંડો પાડશો તો સારું. બાકી આખા ઘરનું વાતાવરણ બગડશે - ધ્યાન રાખવું.

મિથુન આવતીકાલે આપનો રાશિપતિ બુધ બદલાઈને કુંભ રાશિમાં સૂર્ય સાથે જાય છે અને અસ્તનો થાય છે માટે આગામી પંદર દિવસ સાચવવું - બોલવામાં ધ્યાન રાખવું.

કર્ક સાતમે શુક્ર તમોને વ્યર્થ ખર્ચાઓ કરાવે - લોકપ્રિયતાના શિખરો ચઢશોને ધ્યાન રાખીને પૈસાના ખર્ચા કરશો. વ્યસનોથી દૂર રહેશો.

સિંહ રાહુ - ગુરુ સામે બુધ સૂર્ય સાથે આવે છે જે અસ્તનો થાય છે તેથી બોલવામાં ધ્યાન રાખશો તો પાછળથી પસ્તાવું નહીં પડે - વાણી ઉપર કાબુ રાખશો.

કન્યા રાશિપતિ આવતીકાલે સૂર્ય સાથે બદલાઈને જાય છે ને અસ્તનો થાય છે તેથી વાણી - વિલાસ ઉપર કાબૂ રાખશો તો સારું - ધ્યાન રાખીને ચાલશો.

તુલા શુક્ર બુધથી છૂટો પડે છે - રાશિપતિ શુક્ર છે - ન્યાયતંત્ર સાથે સંકળાયેલા વર્ગને શુક્રની મદદથી પ્રસિદ્ધિ મળશે - ન્યાયતંત્ર કડક પગલાં લેશે.

વૃશ્ચિક ચંદ્ર માંગલ્ય યોગ છે - શનિ ચંદ્રનો વિષ યોગ છે - તબિયત સાચવશો તો સારું. તબિયત બગડવાના યોગ છે માટે તબિયત સાચવશો.

ધન ચંદ્ર માંગલ્ય યોગ બારમા સ્થાનમાં થાય છે જે તમારા સ્વભાવને કાબૂમાં રાખશો - ગુસ્સે નહીં થવા દે - વાદ-વિવાદમાં ન ઉતરશો.

મકર શુક્ર એકલો જ રાશિમાં રહે છે - બુધ બદલાઈને કાલે કુંભમાં જશે. જેથી શુક્રની અસરો હેઠળ તંદુરસ્તીની સાથે આનંદમય જીવન વિતાવશો.

કુંભ સૂર્ય - કેતુની યુતિમાં બુધ અસ્તનો થઈ ઉમેરાતો હોઈ થોડા શારીરિક તકલીફો થવા સંભવ છે - જમવામાં સંયમ રાખશો તો સારું.

મીન પગના - શરીરના દુઃખાવા શરૂ થવાના યોગ છે - કસરત કરશો તેમજ ખાવા - પીવામાં સંયમ રાખશો તો તબિયત જળવાશે.

ગુલાબી અંદાજપત્ર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૨૪૦૦૦થી વધારીને ૬૦૦૦૦ કરાઈ છે. બજેટમાં અન્ય જે મહત્વની જાહેરાત છે તે મુજબ ૩૫ લાખના હોમ લોન ઉપર ટેક્સમાં ૫૦૦૦૦ની છુટ અપાઈ છે. એસયુવી કાર પર ચાર ટકા ટેક્સ વધ્યો છે. તમામ પ્રકારની કાર મોંઘી થઈ છે. જો કે, તમાકુ પેદાશો મોંઘી થઈ છે. રેલવે ટિકિટ અને વિમાની ટિકિટ પણ મોંઘી થઈ છે. કારણ કે કૃષિ સેસ લાગૂ કરવાથી ટેક્સ ૧૪.૫ ટકાથી વધીને ૧૫ ટકા થયો છે. સર્વિસ ટેક્સ હેઠળ આવનાર તમામ સેવા મોંઘી થઈ છે. જેટલીએ બજેટ રજુ કરતી વેરા ૧૦૦ ટકા વિદેશી મૂળી રોકાણને ફુડ પ્રોડક્ટમાં ૧૦૦ ટકા મજુરૂ આપી છે. ભારતમાં મોટા બજાર અને ભારતમાં બનાવવામાં આવી પ્રોડકટ માટે ઘણી બધી ચીજોમાં રાહત આપવામાં આવી છે.

સર્વિસ ટેક્સ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બેટરી કારને બાદ કરીને તમામ કાર મોંઘી સાબિત થશે. સોનાના દાગીના અને બ્રાન્ડેડ વસ્ત્રો પણ મોંઘા થઈ ગયા છે. સર્વિસ ટેક્સને ૧૪.૫ ટકાથી વધારીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે. રેસ્ટોરન્ટમાં ભોજનની બાબત પણ મોંઘી થઈ છે. સિનેમા અને કેબલ વધારે ખર્ચાળ રહેશે. બ્યુટી પાર્લરમાં જવાની બાબત, જીમ જવાની બાબત, રેડિમેડ વસ્ત્રો વધુ મોંઘા થયા છે. મોબાઈલ ફોન પણ વધારે ખર્ચાળ રહેશે. બીજી બાજુ નાણામંત્રી સર્વિસ ટેક્સમાં ૦.૫ ટકાનો વધારો કર્યો છે. કૃષિ સેસ લાદવાથી સર્વિસ ટેક્સ ૧૪.૫ ટકાથી વધીને ૧૫ ટકા થયો છે. એટલે કે સર્વિસ ટેક્સ હેઠળ આવનારી તમામ ચીજો મોંઘી થઈ છે. સર્વિસ ટેક્સમાં વધારો થવાથી રેલવે ટિકિટની કિંમતમાં પણ વધારો થશે. મોદી સરકારે સામાન્ય બજેટમાં અમીરો ઉપર પણ સરચાર્જ લાગૂ કર્યો છે. વાર્ષિક સરચાર્જમાં વધારો કરાયો છે. મોદી સરકારે જાહેરાત કરી છે કે, આ જાહેરાત સરકારની અમીર તરફી છાપને બદલવા માટે કરવામાં આવી રહ્યો છે. મોદી સરકાર પર શૂટબૂટની સરકારનો આક્ષેપ થઈ રહ્યો છે. વિપક્ષનો સતત આવો આક્ષેપ થયો છે.

વિઝન નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સરકાર ઉપર આકરા પ્રહારો કરતા કોંગ્રેસે કહ્યું છે કે, બજેટમાં તાત્કાલિક આર્થિક પડકાર સામેના મુદ્દા તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. જેમાં રોજગારી ઉભી કરવાના મામલાઓનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું છે કે, બજેટમાં મોટા વિચારો દેખાતા નથી. પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું છે કે, આ બજેટ માત્ર નવા વચનોની યાદી છે. બે બજેટમાં કરવામાં આવેલા ઉંચા વચનોને પાળ્યા વગર નવા વચનો આપી દેવામાં આવ્યા છે. બજેટમાં વિઝનનો અભાવ દેખાય છે. ગાંધીએ ટ્વિટર પર કહ્યું છે કે, મોદી પ્રથમ બે વર્ષ સુધી ખેડૂતો, મનરેગા, ગ્રામીણ વિકાસ, સામાજિક ખર્ચને લઈને કોંગ્રેસ પાર્ટીની મઝાક કરી રહ્યા હતા. હવે કોઈપણ વિઝન વગર દેશના ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.

સમિતિઓમાં બળવો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઠાકોર તેમજ શારદાબેન મકવાણા અને ભાવિનસિંહે સમર્થન કર્યુ હતુ. બીજી તરફ ગીતાબેન પટેલની દરખાસ્તનો રકાસ થયો હતો. તેમની તરફેણમાં ત્રણ સભ્યોએ મતદાન કર્યુ હતુ. જેમાં સોનલબેન પટેલ, ગીતાબેન પટેલ અને શ્રી નાથુજી મકવાણાનો સમાવેશ થાય છે.

આ વખતે ઉપસ્થિત કારોબારી ચેરમેન શ્રી અરવિંદસિંહ સોલંકીએ સભ્યોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ એકના બે થયા ન હતા.

આમ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિ અને શિક્ષણ સમિતિમાં બળવો થતાં સભ્યોમાં સામસામી ગાળાગાળી થતી પણ પટાંગણમાં સાંભળવા મળી હતી.

બાંધકામ સમિતિમાં બળવો થવાની જાણ થતાં જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી જિલ્લા પંચાયતની કચેરીએ આવી પહોંચ્યા હતા. આ વેળાએ મંગુબેન ચૌધરી, ગીતાબેન પટેલ તથા કેટલાક સભ્યોએ તેમની સામે રોષ વ્યક્ત કર્યો હતો. જો કે આ વેળાએ કંઈપણ બોલવાનુ શ્રી ડાભીએ ટાળ્યુ હતુ.

કોંગ્રેસના બળવાથી ઉશ્કેરાયેલા કેટલાક આગેવાનોએ પ્રદેશ પ્રમુખ શ્રી ભરત સોલંકીનો સમય માંગતા સાંજે ૪ વાગે તેમને મળવા પંચાયતના સભ્યો જનાર હોવાનું જાણવા મળેલ છે. બીજી તરફ અર્ધો ડઝન જેટલા સભ્યોએ રાજીનામુ આપી દેવાની તૈયારી કરી હોવાનું પણ જાણવા મળેલ છે.

સમિતિઓની રચનાને લઈ ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે હાજર રહેલા નિરીક્ષક શ્રી બળદેવ લુણીએ આજની ઘટનાઓ અંગે અહેવાલ તૈયાર કરી અને પ્રદેશ પ્રમુખને મોકલવામાં આવશે તેવા નિર્દેશો સભ્યોને આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખની ચૂંટણી વખતથી લઈ શરૂ થયેલા બળવાની વાતે આજે છેલ્લા તબક્કાની સમિતિઓના ચેરમેનોની નિયુક્તીમાં આકાર લેતાં જિલ્લા કોંગી નેતાગીરી ચોંકી ઉઠી છે.

મળતી માહિતી પ્રમાણે નિરીક્ષકશ્રી પોતાની રીતે અલગથી અહેવાલ આપશે જ્યારે જિલ્લા સમિતિ પણ અલગથી પોતાનો અહેવાલ પ્રદેશ પ્રમુખને મોકલશે.

પંચાયતના પટાંગણમાં સભ્યો એવી વાતો કરતા પણ સાંભળવા મળ્યા હતા કે બળવાખોરોનો સ્વીકાર અને વફાદારોનો શિકાર કરવાની આ નીતિમાં પુનઃ વિચારણા કરવી જરૂરી છે.

સીમાંકનમાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઈ. વોટીંગને સારો પ્રતિસાદ મળ્યો હતો. ગાંધીનગરનો જે રીતે વિકાસ થયો છે તે જોતાં આ ઈ. વોટીંગને સારો પ્રતિસાદ મળશે તેવો તેમને વિશ્વાસ છે. આ માટે કલેક્ટર શ્રી દ્વારા ખાસ ઝુંબેશ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ઈ. વોટીંગ પ્રથાના અમલ માટે દેશના ઘણા રાજ્યોના પ્રતિનિધિમંડળો અભ્યાસ અર્થે આવી ગયા છે.

ડૉ. સિંહાએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાની આ બીજી સામાન્ય ચૂંટણી માટેનું સીમાંકન ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધાર બનાવી કરવામાં આવ્યું છે.

પંચના સચિવ શ્રી મહેશ જોશીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ પમી માર્ચે કરવામાં આવશે. આ પછી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે જે ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના ૧૦ દિવસ બાકી હશે ત્યાં સુધી ચાલશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ અભિયાન પણ યોજાશે. જેમાં નવા ઈ.વી.એમ.માં મતદાન કેવી રીતે કરવુ તેની સમજ અપાશે એટલુ જ નહિ ઈ. વોટીંગ માટેના રજીસ્ટ્રેશન વિશેની પણ સમજ અપાશે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાની યોજાનાર ચૂંટણી અંગે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા સંદર્ભે ગાંધીનગર મહાનગરપાલિકાના જાહેર થયેલ આઠ વોર્ડ અને ૩૨ બેઠકો અંગે તથા નવા સીમાંકન અંગે આવેલા વાંધા-સૂચનો અંગે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર શ્રી વરેશસિંહાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરની ઉપસ્થિતિમાં પરામર્શ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વાંધા સૂચનો રજૂ કરનાર રાજકીય પક્ષોના આગેવાનો સાથે બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરીને નવા સીમાંકન અંગે તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો અંગે વોર્ડ વસ્તીના આધારે રાજ્ય સરકારની પોલીસીના ધોરણો અપનાવીને કરવામાં આવી છે. સ્ત્રી અનામત બેઠકો સહિત બ્લોક અને સેક્ટર ન તુટે તે રીતે સીમાંકન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગર પાલિકાના આઠ વોર્ડમાં કેટલા પોલીંગ બુથ નક્કી કરવા તે અંગેની પણ દરખાસ્ત જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર દ્વારા તૈયાર કરવામાં આવશે. તેના આધારે મતદાનની વ્યવસ્થાઓ કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સીમાંકન મુજબ આઠ વોર્ડનો નકશો દર્શાવતુ પ્રેઝેન્ટેશન કરીને વિસ્તૃત માહિતી આપી હતી.

આ બેઠકમાં રાજ્ય ચૂંટણી પંચના સચિવ શ્રી મહેશભાઈ જોષી, સંયુક્ત સચિવ શ્રી રાજેશભાઈ રાજ્યગુરૂ, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન. મોદી, નિવાસી અધિક કલેક્ટર શ્રી વી.જી. કાલરિયા સહિત અધિકારીઓએ ઉપસ્થિત રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કર્યો હતો. આ બેઠકમાં ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી કૌશિકભાઈ શાહ અને શ્રી કનુભાઈ દેસાઈ સહિત રાજકીય પક્ષના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોલાજપુરમાં રસ્તાના મામલે બે જૂથો વચ્ચે ધિંગાણું

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામમાં રવિવારે સાંજના સુમારે રસ્તા બાબતે બોલાચાલી થતા લાકડીઓ અને પથ્થરો મારી બે જૂથો વચ્ચે ધિંધાણુ ખેલાયું હતું. જેમાં ચાર જણાને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. એકબીજા પર હૂમલો કરી જાનથી મારવાની ધમકીઓ આપવાના મામલે બંને જૂથોના લોકોએ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સામસામી ફરિયાદો નોંધાવતા પોલીસે કુલ ૨૫ જણા વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દર્જ કરી ઘટના અંગેની તપાસ હાથ ધરી છે.

પોલાજપુર ગામમાં રવિવારે સાંજના સમયે બનેલી ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગામની કેટલીક મહિલાઓ ખેતરમાં તથા મંદિરે જવાના રસ્તે જતા હતા તે દરમિયાન ગામના રમેશસિંહ પરમારે રસ્તે જવાની ના પાડતા મામલો ગરમાયો હતો. જેમાં ગામના નવા ઘર વિસ્તારના ૧૧ શખ્સોએ ગેરકાયદેસર મંડળી બનાવી તેમજ દરબાર ફળિયાના મોટાવાસમાં રહેતા ૧૪ શખ્સોએ પણ ગેરકાયદેસર મંડળી બનાવી સામ સામે મારામારી પર ઉતરી આવતા ગામમાં બંને જૂથો વચ્ચે ધિંગાણુ ખેલાયું હતું.

ગામમાં લાકડી તેમજ પથ્થરમારો કરી ખેલાયેલા ધિંગાણામાં દલપતસિંહ બાલુસિંહ પરમાર તેમજ અર્જુનસિંહ બાલુસિંહ પરમારને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવા પડ્યા હતા. જ્યારે સામે પક્ષના પણ પોલાજપુર ગામના સાલુસિંહ શિવસિંહ પરમાર અને વિષ્ણુસિંહ પરમારને ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. રસ્તાના મામલે એકબીજા પર હૂમલો કરવાની ઘટના સંદર્ભે દલપતસિંહ બાલુસિંહ પરમાર અને સાલુસિંહ શિવસિંહ પરમારની ફરિયાદ આધારે હિંમતનગર ગ્રામ્ય પોલીસે પોલાજપુર ગામના કુલ ૨૫ ઈસમો વિરૂદ્ધ રાયોટીંગનો મામલો દર્જ કરી ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે. ગ્રામ્ય પોલીસે નજીવી બાબતે ઘટેલી ઘટના બાદ ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ગુજરાત રાજ્ય વિસનગરા નાગર મંડળનું વાર્ષિક અધિવેશન યોજાયું

ગાંધીનગરના સેકટર-૮ના રંગમંચ ખાતે વિસનગરા નાગર મંડળ ગુજરાત રાજ્યનું વાર્ષિક અધિવેશન તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ યોજાયું હતું. જેમાં સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સભાના

અધ્યક્ષ સ્થાને શ્રી રોહિત મહેતા - હાલમાં મધુર ડેરી-મેનેજીંગ ડીરેક્ટર હાજર રહ્યા હતા. તેમણે સમાજની યુવાપેઢીને પ્રગતિ કરવા માટે પ્રોત્સાહક વકતવ્ય આપ્યું હતું. તદઉપરાંત નાગર સમાજના અગ્રણીઓ જેવા કે શ્રી કાલીદાસભાઈ, જાણીતા એડવોકેટશ્રી અતુલભાઈ, શ્રી ચિરાગભાઈ તથા મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી અરૂણાબેન પંડયાએ પ્રાસંગિક પ્રવચન આપ્યાં હતાં.

પ્રાંતિજ જાયન્ટ ગૃપના ત્રણ પ્રમુખનો શપથવિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ ખાતે રવિવારના રોજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ

ચંદન ઈન હોટલ ખાતે જાયન્ટસ ગૃપના ત્રણ પ્રમુખોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં આવનાર મહેમાનોદ્વારા દિપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને મહેમાનોનું સ્વાગત બાદ શપથવિધિ સમારંભમાં જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડના પ્રમુખ તરીકે બિજેશભાઈ કોઠારી, જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સાહેલીના પ્રમુખ તરીકે શીલ્પાબેન એસ. શર્મા અને યંગ જાયન્ટસ પ્રાંતિજ ગોલ્ડના પ્રમુખ તરીકે લલિત ટી. સોની પ્રમુખ તરીકેના શપથ લીધા હતા. જ્યારે જાયન્ટસના સભ્યોએ પણ શપથ લીધા હતા. આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, શાન્તિદૂત રહિશભાઈ કસ્બાતી, ડૉ. એન. કે. ડેરિયા, વજેશભાઈ, સમીરભાઈ શર્મા, રીતેષ ખમાર, મનિષાબેન વગેરે રાજકીય આગેવાનો પ્રાંતિજ તથા તાલુકામાંથી આમંત્રિત મહેમાનો સહિત જાયન્ટ્સ ગૃપના સભ્યો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર - અમદાવા હાઈવે ઉપર ગેસ ભરાવવા ઉભેલી એક ગાડી અચાનક સળગી ઉઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફડા - તફડી સર્જાઈ હતી. નગરપાલિકા કચેરીએ જાણ કરતા ફાયર ફાઈટરે ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જોકે આ બનાવમાં સદ્નસીબે કોઈને ઈજા પહોંચી નથી.

બજેટ મંદી અને મોંઘવારી વધુ વધારનાર : શંકરસિંહ

એનડીએ પાસે કોઇ નિષ્ણાત અર્થશાસ્ત્રી નથી : ચા વાળા વડાપ્રધાનની સરકારના નાણામંત્રીની કિટલીથી પ્રજાને ચા મળવાની વાત તો દૂર કાવો પણ નસીબ ન થયો

અમદાવાદ, તા. ૨૯

લોકસભામાં આજરોજ કેન્દ્ર સરકારના રજુ થયેલ વર્ષ ૨૦૧૬-૧૭ના સામાન્ય બજેટ પર આકરાં પ્રત્યાઘાત આપતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હું ચા વાળો ગરીબ ઓ.બી.સી સમાજનો છું. એમ કહીને દિલ્હીની ગાદી પર બેઠેલા આપણા ચાની કીટલીવાળા પ્રધાનમંત્રી અને તેમની સરકારના નાણા મંત્રી જેટલીની બજેટરૂપી કીટલી પાસે દેશની પ્રજાને બજેટના માધ્યમથી બહાર કાઢીને નવી રોજગારની તકો ઉભી કરનારું, ઉદ્યોગ-ખેતીને સમતોલ રાખનારું અને દેશની પ્રજાને સુખી કરનાર સાઘન છે. આજની કેન્દ્રની કેબિનેટમાં એનડીએ પાસે કોઈ નાણાને લગતો એક્સપર્ટ ઈકોનોમીસ્ટ નથી, જેથી એનડીએ સરકારનું રજુ થયેલ ત્રીજુ બજેટ, વર્ષ ૨૦૧૬ ૧૭નું બજેટ મંદી વધારનારું, મોંઘવારી વધારનારું, મધ્યમ વર્ગની કમર તોડનારું, ચીલાચાલુ અને દિશાવિહીન છે. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જેટલીની કીટલીની ચા જેટલી ઉકળવી જોઈએ એટલી ન ઉકળતા, દુધ અને ખાંડ વગરનો કાવો પણ જો પ્રજાના ભાગે ન આવતો હોય તો ચા વાળા પ્રધાનમંત્રીનું બજેટ માત્ર વામી વિલાસ અને શબ્દો તથા આંકડાની માયાજાળ જ છે. લોકસભાની ચૂંટણી વખતના ભાષણોમાં દેશની જનતાને જે વાયદાઓ જાહેરમાં કરેલા, જેવા કે રૂ. ૧૫ લાખ પ્રજાના ખાતામાં જમા કરવાની વાત, રોજગારી વધારવાની વાત, મોંઘવારી દુર કરી ભ્રષ્ટાચારને ડામવાની વાત, આમાંની કોઈ વાત એન.ડી.એ. સરકારના બે વર્ષના શાસન પછી પણ બજેટમાં દુર દુર સુધી ક્યાંય દેખાતી નથી. દેશને પ્રજાને એવું હતું કે,ક્રુડના ભાવમાં આંતરરાષ્ટ્રીય લેવલે સતત ઘટાડો થતો ગયો છે. ત્યારે પેટ્રોલ-ડીઝલ સસ્તું મળશે, પરંતુ ભારત સરકારે એમાંય એક્સાઈઝ વગેરેમાં વધારો કરીને પ્રજાને લૂંટવાનું જ કામ કર્યું છે. આ સરકારે પેટ્રોલ-ડીઝલ ઉપર એક્સાઈઝ વગેરેમાં વધારો કરીને પ્રજાને લૂંટવાનું જ કામ કર્યું છે.

કિસાન અને ગરીબોના સપના સાકાર થાય તેવું બજેટ : રૂપાણી

અમદાવાદ, તા. ૨૯

ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ આજરોજ કેન્દ્રીયમંત્રી અરૂણ જેટલીએ સંસદમાં રજુ કરેલા વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટને આવકારતા જણાવ્યું હતું કે, જન સામાન્યના સપના સાકાર થાય તેવું જન સમર્પિત બજેટ છે. આ બેજટથી ખેડુતોનું કલ્યાણ અને ગ્રામીણક્ષેત્રનો વિકાસ થશે. રૂપાણીએ કેન્દ્રીય બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેવેલા એક ભારત સુત્રને સાર્થક કરનારૂ બજેટ છે. આ બજેટની જોગવાઈઓથી સામાન્ય માનવીનું જીવન બદલાશે, કૃષિક્ષેત્ર વિકાસ સાથે આંતરમાળખાકીય સુવિધાઓ જેમ કે હાઈવે, રેલ્વે, બંદરો, એરપોર્ટ માટે બજેટમાં ૨ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, પાંચ કરોડ જેટલા ગરીબ પરિવારોને ચુલામાંથી મુક્તિ આપી એલપીજી જોડાણ, ૨૦૧૮ સુધીમાં ગામેગામ વીજળી પહોંચાડવી, સ્વાસ્થ્ય વિમા સાથે કરમાળખામાં સરળીકરણથી કરોડો કરદાતાઓને રાહત આપી છે. આવાસ યોજનામાં રાહત સાથે ઘરભાડામાં વધારો અને નવા ઘરની ખરીદી કરનારને વિશેષ લાભનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, જીડીપી ગ્રોથરેટ ૭.૬ ટકા થશે જ્યારે નાણાંકીય ખાદ્ય ૩.૮ ટકા થશે અને વિદેશી મૂડી અંગેની ખાદ્ય અડધી થઈને ૧.૪ ટકા થશે. રૂપાણીએ કેન્દ્રીય બજેટને નવો ચીલો ચાતરનારુ અને ખેતી, ગ્રામીણ અને ગરીબવર્ગને ટકાઉ વિકાસની પ્રક્રિયામાં જોડનારૂ ગણાવ્યું હતું. ભાજપ પ્રદેશ પ્રવક્તા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ રજુ થયેલું કેન્દ્રીય બજેટ આંતર માળખાકીય સુવિધા સાથે વૈશ્વિક કદમ મીલાવતું જનસુખાકારી વિકાસલક્ષી બજેટ છે. જાડેજાએ જણાવ્યું હતું કે, ગ્રામીણ ક્ષેત્રના વિકાસ સાથે નાગરિકોની સુવિધા અને ખાસ કરીને ગરીબોને પાયાની વ્યવસ્થાઓની પૂર્તતા કરનારૂ જનકલ્યાણકારી બજેટ છે.

અટક / નામ બદલેલ છે

મારું જુનું નામ પટેલ આકાશકુમાર નટુભાઈ હતું તે બદલીને મારું નવું નામ ચૌધરી આકાશ નટુભાઈ રાખેલ છે.

લિ.
ચૌધરી આકાશ નટુભાઈ
મુ. પો. મટોડા, તા. ખેડબ્રહ્મા
જી. સાબરકાંઠા

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા
ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૧૧ (૨૦૧૫-૧૬)

રજીસ્ટર્ડ ઓફીસ : ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. નાગરિક પુરવઠા નિગમનું સંકુલ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

CIN : U455201GJ1988SGC011453

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., મહેસાણા વિભાગીય કચેરી, પોલીસ ક્લબ બિલ્ડીંગ, નવા કોમ્યુનિટી હોલ સામે, પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા (ટે. ની. ૨૨૧૩૭૫) દ્વારા માન્ય ઈજારદારો પાસેથી સીવીલ કામોના ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત રાજ્ય સરકારશ્રીના માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com તથા નિગમની વેબસાઈટ www.gsphc.org પર જોવા મળશે. આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે. અનુ.નં. ૧ થી ૪ના ટેન્ડર તા. ૧/૩/૨૦૧૬ થી તા. ૧૧/૩/૨૦૧૬ છે. તથા તેના દસ્તાવેજો પૂરા પાડવાની છેલ્લી તા. ૧૮/૩/૨૦૧૬ છે.

ક્રમાંક : નામાનિ/મહે/૩૬૭/૧૫-૧૬ કાર્યપાલક ઈજનેર, મહેસાણા